ગાંધીનગરના ગગનમાંથી અગનવર્ષા

શહેરનો સૌથી વધુ ગરમ દિવસ : પારો ૪૪ ડિગ્રી : ગઇકાલની સાપેક્ષમાં ગરમીનો પારો એક ડી ગ્રી ઉંચો આવતા સિઝનની રેકર્ડબ્રેક ગરમીથી નગરજનો બેબાકળા : નગરને આકરી ગરમીએ બાનમાં લેતા જનજીવન પ્રભાવિત

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરવાસીઓ માટે આજનો દિવસ સિઝનનો સૌથી ગરમ દિવસ પુરવાર થયો હતો. ગરમીના પારો ૪૪ ડી ગ્રી પહોંચી જતા આકાશમાંથી અંગારા વરસ્યા હતા. આકમક ગરમીએ સવારથી જ નગરજનોને બેચેન કરી દીધા હતા.ગઇકાલે ગરમીનો પારો ૪૩ ડી ગ્રી રહયો હતો. જયારે એક ડી ગ્રી ના વધારા સાથે ગરમીએ સિઝનની રેકર્ડ બ્રેક ગરમીમાં નગરજનો શેકાયા હતા. આકરી ગરમીથી સૌ કોઇ તોબા પોકારી ગયા હતા. ગરમીની અસરથી નગરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ. હીટવેવની અસરથી બચવા માટે નગરજનોએ ઘરની બહાર નિકળવાનુ ટાળ્યુ હતુ.

ગાંધીનગરમાં ગરમીની મોસમ અસહ્ય બની છે. આકરી ગરમીનો પારો દિન પ્રતિદિન ઉંચો આવતા જનજીવન બેબાકળુ બની ગયુ છે. આજે શહેરમાં સિઝનની સૌથી વધુ ગરમી નગરજનોએ અનુભવી હતી. ગરમીનો પારો ૪૪ ડી ગ્રી એ પહોંચી ગયો હતો. ગઇકાલની સાપેક્ષમાં એક ડી ગ્રી મહત્તમ તાપમાન વધતા સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઇ હતી. છેલ્લા કેટલાક દિવસથી ગરમીનો ઉગ્ર મિજાજ યથાવત છે. ત્યારે સતત આકરી ગરમીથી નગરનુ જનજીવન પણ સુન્ન પડી ગયુ છે. અગાઉ મહત્તમ તાપમાન ૪૩.૭

● અનુસંધાન પાન-૭ પર

અધિક માસ-રમઝાનનો પ્રારંભ જપ-તપનો મહિમા વધશે

૧૮ વર્ષ બાદ જેઠ માસમાં અધિક મહિનો : ખરા ઉનાળે રમઝાન સ્વ નિયંત્રણની આકરી કસોટી કરશે : આખો માસ જપ-તપ-દાનનો મહિમા રહેશે

ગાંધીનગર, તા. ૧૬

બુધવારથી અધિક માસ અને રમઝાન માસનો એક સાથે પ્રારંભ થઈ રહ્યો છે. હિન્દુ અને મુસ્લિમ સમુદાયના સભ્યો આ સમગ્ર માસ દરમ્યાન જપ-તપ અને દાનના કાર્યમાં વ્યસ્ત રહેશે. સ્વનિયંત્રણ સાથે પુણ્યનુ ભાથુ મેળવવાના આ માસમાં અનેક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

બધા જ ધર્મોમાં જપ-તપ, દાન, ઉપવાસનું ખૂબ જ

સમયસર

મહત્વ છે. વર્ષ દરમ્યાન આર્થિક ઉપાર્જન અને અન્ય સામાજિક જવાબદારીઓમાં વ્યસ્ત રહેતા મનુષ્યો વર્ષ દરમ્યાન આવતા શ્રાવણ માસ, રમઝાન માસ કે અધિક માસમાં અન્ય દુન્યવી કાર્યોને બાજુ પર રાખી આધ્યાત્મિક કાર્યોમાં વ્યસ્ત રહે છે અને ઈશ્વર-અલ્લાહ સાથે સીધા જ તાદમ્ય કેળવવાનો પ્રયાસ કરે છે. ભક્તિ કાર્યોની સાથે સાથે ઉપવાસ અને રોઝા કરવામાં આવે છે જેની પાછળ ધાર્મિક માન્યતાઓ તો રહેલી જ છે પરંતુ સાથે સાથે વૈજ્ઞાનિક કારણો પણ જોડાયેલા છે. આખુ વર્ષ દિવસ દરમ્યાન બે-ત્રણ વાર પૂર્ણ કક્ષાનું ભોજન લેતા મનુષ્યો ઉપવાસ-રોઝા રાખી સ્વ-નિયંત્રણના પાઠ શીખે છે. જે ત્યાગ પણ મહત્વ સમજાવે છે.

આ વર્ષે ૧૮ વર્ષ બાદ જેઠ માસમાં અધિક મહિનો આવતો હોઈ તેનુ મહત્વ વધ્યુ છે. અધિક માસ શરૂ થતાં જ લગ્ન આધિ શુભકાર્યો પર બ્રેક લાગી જશે. આવતીકાલથી શરૂ થતા અધિક માસની ૧૩ જૂનના રોજ સમાપ્તિ થશે. પૃથ્વીની આસપાસ ચંદ્રની એક પ્રદક્ષિણા પૂરી થતાં જે સમય લાગે તેને ચંદ્રમાસ કહેવામાં આવે છે. આ ચંદ્રની પ્રદક્ષિણાઓ પૂર્ણ થતાં ૩૫૪ દિવસ ૮ કલાક ૪૮ મિનિટ ૩૩.૫૫ સેકન્ડનો સમય થાય છે. આમ ચંદ્રમાન અને સૌરમાન વર્ષ વચ્ચે ૧૧ દિવસનું અંતર આવે છે. મુસ્લિમ કેલેન્ડરમાં આ ૧૧ દિવસના અંતર માટે અધિક માસ જેવી કોઈ વ્યવસ્થા ન હોવાથી દર વર્ષે જે તે માસ ૧૧ દિવસ આગળ વધે છે. આથી જ રમઝાન માસ કોઈક વર્ષોમાં શિયાળામાં આવે તો કોઈક વાર ભર ઉનાળે અથવા ચોમાસામાં. જ્યારે હિન્દુ કેલેન્ડર મુજબ આ અંતરને વધવા નહી દેતાં દર ત્રીજા વર્ષે એક માસનો ઉમેરો કરવામાં આવે છે. જેને અધિક માસ કહેવામાં આવે છે. અધિક માસ ૩૨ મહિના, ૧૬ દિવસ અને ૪ ઘડીના અંતરમાં આવે છે. અધિક માસ આવતો હોવાથી ૨૦૧૮ના વર્ષમાં મોટાભાગના પર્વો સરેરાશ ૧૭ થી ૧૯ દિવસ મોડા આવશે.

રમઝાન માસમાં મુસ્લિમ બિરાદરો રોઝા કરે છે, જ્યારે અધિક માસ એટલે કે પુરુષોત્તમ માસમાં પણ ઉપવાસ કરવામાં આવે છે. આ બંને માસ દરમ્યાન જપ-તપ-ઉપવાસ સાથે ધાર્મિક કાર્યોનું મહત્વ હોવાથી તેની તૈયારીઓ આદરી દેવાઈ છે. ભર ઉનાળે શહેરમાં આધ્યાત્મિક વાતાવરણ સર્જાશે.

જળસંચયના કામોમાં ધીમી ગતિને લઈ કલેક્ટર નારાજ થયા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં જળસંચય યોજનામાં તળાવો ઉંડા કરવાની ધીમી ગતિએ ચાલી રહેલી કામગીરીને લઈ જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાએ ગઈકાલે એક બેઠક દરમ્યાન સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

મળતી વિગતો પ્રમાણે તેમણે આ ધીમી કામગીરીને લઈ એક-બે અધિકારીઓનો ઉઘડો પણ લઈ નાખ્યો હતો. જિલ્લામાં ૧૮૦થી વધુ તળાવો ઉંડા કરવાની કામગીરીના લક્ષ્યાંકમાં હજુ માંડ ૬૦ટકા સુધીના જ કામો શરૂ થયા છે.

આ ઉપરાંત આ કામગીરી પણ ધીમીગતિએ ચાલતી હોવાથી હજુ સુધી જેટલા કામો પૂર્ણ થવા જોઈએ તે થઈ શક્યા નથી અને આથી જિલ્લા કલેક્ટરે

● અનુસંધાન પાન-૭ પર

સેકટરોમાં વન આરક્ષિત જગ્યામાં દબાણોનો અડ્ડો : સ્થાનિક રહીશો તોબા

શહેરના મુખ્યમાર્ગો પર વન આરક્ષિત જગ્યાની રોનક નિખારવા નવતર આયોજન પરંતુ સેકટરોમાં વનતંત્રની જગ્યામાં દબાણોનો અડ્ડો

ગાંધીનગર તા ૧૬

શહેરમાં મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારને રક્ષણ પુરુ પાડવા માટે નવી લોખંડની ગ્રીલ લગાવાશે. જયારે હરિયાળી નિખારવા ઉપરાંત કલરકોડ મુજબ રોપાઓની વાવણી કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. પરંતુ મુખ્યમાર્ગો સહીત સેકટરોમાં સ્થિત વનઆરક્ષિત વિસ્તારમાં સિમેન્ટની તુટતી થાંભલીઓ વચ્ચે ખુલ્લી થતી જગ્યામાં દબાણોનો અડીંગો જોવા મળી રહયો છે.

શહેરના વન આરક્ષિત વિસ્તારમાં નવી ફેન્સીંગ કરી નવા રોપાઓની વાવણી કરવાનુ આયોજન વનતંત્ર દ્વારા કરવામાં આવ્યુ છે. જેથી વન આરક્ષિત વિસ્તારની હરિયાળી અને રોનક નિખરે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. પરંતુ શહેરના મુખ્યમાર્ગો પર આ નવતર આયોજન પુર્વે હાલ દબાણો જોવા મળી રહયા છે. સેકટરોની આસપાસ સ્થિત વનઆરક્ષિત જગ્યામાં પણ અગાઉ દબાણો દુર કરવામાં આવ્યા હતા. પરંતુ સમયજતા હાલ દબાણો યથાવત સ્થિતિમાં ગોઠવાઈ ગયા છે. કેટલાક ઠેકાણે રહેણાંક વિસ્તાર નજીક જ દબાણો ગોઠવાઈ જતા સ્થાનિક રહીશો માટે પણ અનેક પ્રશ્નો ઉઠવા પામ્યા છે.

વનતંત્ર દ્વારા આ મામલે ફરીએકવાર ઝુંબેશ હાથ ધરવાની અનિવાર્યતા ઉભી થઇ છે. ઘ-૨ થી ચ-૨ વચ્ચેના રૂટમાં પણ અનેક દબાણોએ અડ્ડો જમાવ્યો છે. શહેરમાં વન આરક્ષિત વિસ્તારને નિખારવા માટે તંત્ર દ્વારા નવતર આયોજન કરવામાં આવ્યુ છે. જયારે મુખ્યમાર્ગો આસપાસના વન વિસ્તારને કલરકોડ મુજબ સુશોભિત અને હરિયાળો બનાવવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. સેકટરોમાં પણ રસ્તાઓની આસપાસનો વન આરક્ષિત વિસ્તાર નવી લોખંડના ગ્રીલવાળી ફેન્સીંગ લગાવવા માટે વનતંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી આ મામલે કોઈ નિર્ણય ન લેવાતા સિમેન્ટની તુટેલી થાંભલીઓ વચ્ચે આ વિસ્તાર દબાણોના ઘેરાવામાં આવી રહયો છે.

જિલ્લામાં 'મા' અને 'મા-વાત્સલ્ય' યોજના અંતર્ગત ૨૫૮૬ લાભાર્થીઓએ સારવાર લીધી

૨૫૮૬ લાભાર્થીનો સારવાર ખર્ચ ૧૬ કરોડ ૬૯ લાખથી વધુ સરકારે ચુકવ્યા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં મા અને મા વાત્સલ્ય યોજના અંતર્ગત ૨૫૮૬ લાભાર્થીઓ રૂ. ૧૬,૬૯,૧૬,૨૮૧ની સારવાર લેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે 'મા' યોજના અંતર્ગત ૨૯૯ લાભાર્થીઓએ લાભ લીધો છે જ્યારે 'મા વાત્સલ્ય' યોજના અંતર્ગત ૨૨૮૭ લાભાર્થીઓએ લાભ લીધો છે.

આરોગ્યતંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર મા કાર્ડ અંતર્ગત ગાંધીનગર તાલુકામાં ૬૧, કલોલમાં ૯૬, દહેગામમાં ૧૦૦ અને માણસામાં ૮૧ લાભાર્થીઓએ આરોગ્ય સેવાનો લાભ મેળવ્યો છે.

જ્યારે આ વાત્સલ્ય યોજના અંતર્ગત ગાંધીનગરમાં ૭૩૨, કલોલમાં ૫૯૨, દહેગામમાં ૪૭૭

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યમાં ૪.૪૬ લાખ મતદારો વધ્યા

ગાંધીનગર, તા. ૧૬

ભારતના ચૂંટણી પંચ દ્વારા રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા મત વિભાગની મતદાર યાદી માટે તા. ૧ જાન્યુઆરી-૨૦૧૮ની લાયકાતની તારીખના સદર્ભમાં ખાસ સંક્ષિપ્ત સુધારણા માટેનો એક કાર્યક્રમ જાહેર કરાયો હતો. ત્યાર બાદ મતદાર તરફથી રજૂ કરવામાં આવેલા હક્ક-દાવા અને વાંધા અરજીઓના નિકાલ બાદ રાજ્યમાં સમાવિષ્ટ તમામ વિધાનસભા મત વિભાગની પ્રસિદ્ધિ કરવામાં આવેલી આખરી મતદાર યાદીમાં મતદારોની સંખ્યામાં ૪.૪૬ લાખનો વધારો જોવા મળ્યો હોવાનું રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી ડૉ. એસ. મુરલીક્રિશ્નાએ જણાવ્યું છે.

ગુજરાત રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી દ્વારા તા.૧૪-૫-૨૦૧૮ના રોજ તા.૧ જાન્યુઆરી-૨૦૧૮ની લાયકાતની તારીખના સદર્ભમાં મતદાર યાદીની આખરી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. તદઅનુસાર વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૭ દરમિયાન રાજ્યમાં જે ૨,૨૬,૫૩,૩૬૮ પુરષ મતદારો નોંધાયા હતા. તેમાં ૨,૨૬,૪૮૮નો વધારો થતા આખરી મતદાર યાદીમાં કુલ ૨,૨૮,૭૯,૮૫૬ પુરૂષ મતદારો નોંધાયેલા છે. આ જ રીતે વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ દરમિયાન રાજ્યમાં ૨,૦૮,૭૪,૪૫૦ સ્ત્રી મતદારો નોંધાયા હતા. જેમાં ૨,૨૦,૩૭૭નો વધારો થતાં નવી મતદાર યાદીમાં કુલ સ્ત્રી મતદારો ૨,૧૦,૯૪,૮૨૭ નોંધાયેલા છે. આ ઉપરાંત ત્રીજી જાતિના જે ૭૦૨ ઉમેદવારો હતા તેમાં ૧૦૮નો વધારો થતા કુલ ત્રીજી જાતિના ૮૧૦ ઉમેદવારો થયા છે. આમ, સમગ્રતયા જોઈએ તો વિધાનસભા ચૂંટણી દરમિયાન રાજ્યમાં ૪,૩૫,૨૮,૫૨૦ મતદારો નોંધાયેલા હતાં તેમાં ૪,૪૬,૯૭૩નો વધારો થતાં રાજ્યમાં કુલ ૪,૩૯,૭૫,૪૯૩ મતદારો નોંધાયેલા છે.

સે. ૨, સાદરા અને ઉવારસદ આરોગ્ય કેન્દ્રોને

સ્વચ્છતા અભિયાનમાં સી અને ડી ગ્રેડ મળ્યો

તંત્રનો તાત્કાલિક ગુણવત્તા સુધારણા અભિયાનને સઘન બનાવવાનો નિર્ણય

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૨, ગાંધીનગર તાલુકાના સાદરા અને ઉવારસદ આરોગ્ય કેન્દ્રોમાં હેલ્થ ફેસીલીટી ઓડિટમાં સી અને ડી ગ્રેડ મળતાં તંત્રએ ત્યાં તાત્કાલિક ગુણવત્તા સુધારણા અભિયાનને સઘન બનાવવાનો નિર્ણય લીધેલ છે.

મળતી વિગતો પ્રમાણે મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત તમામ હેલ્થ ફેસીલીટી અંગે ઓડિટની કામગીરી દર મહિને કરવામાં આવતી હોય છે. આ કેન્દ્રોમાં આરોગ્ય સેવાઓ તેમજ સ્વચ્છતા પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે આ હેલ્થ ફેસીલીટી ઓડિટ માટે પદાધિકારીઓને નિમંત્રિત કરવામાં આવતા હોય છે અને આ પછી તેનું ગ્રેડીંગ કરવામાં આવતુ હોય છે. આ માટે નિયમિતતા, દર્દીઓને મળતી સેવા, સ્વચ્છતા સહિતના વિવિધ પાસાંઓની ચકાસણી આ ઓડિટમાં થતી હોય છે.

ગાંધીનગરથી બરોડા, સુરત અને રાજકોટ રૂટની બસ સેવા શરૂ કરાઈ

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા રાજકોટ બરોડા અને સુરત રૂટમાં નવી બસ સેવા શરૂ કરવામાં આવી છે. અગાઉ ડેપો દ્વારા રાજકોટ રૂટ માટે વોલ્વો બસ શરૂ કરવામાં આવી હતી. પરંતુ ટ્રાફિક ન મળતા આ બસ બંધ કરી દેવામાં આવી હતી. જો કે આ ત્રણેય મુખ્ય શહેરોમાંથી પાટનગરમાં આવતા મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ હોવાથી રોજ સવાર બપોર અને સાંજ એમ ત્રણ સમયમાં આ જુદા જુદા રૂટ માટે બસ ઉપડશે. નવી બસ સેવા શરૂ થતા મુસાફરોને પણ રાહત અનુભવી છે.

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા ગાંધીનગર અમદાવાદની શહેરી બસ સેવા વચ્ચે રોજ ૧૫૦ જેટલા રૂટનુ સંચાલન કરવામાં આવે છે. જયારે પાટનગર હોવાના નાતે શહેરમાં બહારગામથી આવતા મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ હોય છે. સચિવાલય સહીત અનેકવિધ સરકારી કચેરીઓ અહીં હોવાથી વહીવટી કામકાજ માટે રોજબરોજ મોટી સંખ્યામાં મુલાકાતીઓ આવતા હોય છે. જેના લીધે અન્ય બહારગામના રૂટોની બસ સેવા શરૂ કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામે છે. અગાઉ સૌરાષ્ટ્રના રૂટોની બસ સેવા માટે પણ સ્થાનિકોએ માંગણી કરી હતી. જયારે રાજકોટ રૂટમાં એસ ટી તંત્ર દ્વારા ખાસ વોલ્વો બસ શરૂ કરવામાં આવી હતી. પરંતુ યોગ્ય ટ્રાફિક ન મળતા ટુંકા સમયગાળામાં આ બસ સેવા બંધ પણ કરી દેવામાં આવી હતી. જો કે રાજકોટ રૂટની બસસેવા બંધ થયા

સવારે રાજકોટ, બપોરે બરોડા અને રાત્રિના ૯ કલાકે સુરત માટે બસ સેવા મળી રહેશે

બાદ સ્થાનિકોને મુશ્કેલી પડતી હોવાનો રોષ પણ પ્રબળ બન્યો હતો.

જયારે આ રૂટમાં બસ સેવા પુન : શરૂ કરવા માટે પણ માંગ ઉઠવા પામી હતી. એસ ટી ડેપોના સુત્રોના જણાંવ્યા મુજબ ડેપો તંત્ર દ્વારા રાજકોટ બરોડા અને સુરત રૂટમાં નવી બસ સેવા શરૂ કરવામાં આવી છે. જેમાં રાજકોટ માટે સવારે ૭ : ૩૦ કલાકે , બરોડા શહેર માટે બપોરે ૧ : ૩૦ કલાકે અને સુરત માટે રાત્રિના ૯ કલાકે બસ શરૂ કરી દેવામાં આવી છે. ગાંધીનગરથી બરોડા સુરત અને રાજકોટ રૂટમાં જતા મુસાફરોની સંખ્યા વિશેષ છે. જયારે નવી બસ સેવા શરૂ થતા સ્થાનિકો સહીત આ વિસ્તારમાંથી પાટનગર અવરજવર કરતા મુસાફરોને પણ આ બસ સેવાનો લાભ મળશે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યની હદમાં થતા અકસ્માત બાદ ઈજાગ્રસ્તોને પ્રથમ ૪૮ કલાકમાં સારવાર આપવા અંગેની જાહેર સૂચના

નાણાંના અભાવે કે બીલ કોણ ચૂકવશે તેવા પ્રશ્નોના કારણે ટ્રસ્ટ તથા ખાનગી હોસ્પિટલો ઈજાગ્રસ્ત વ્યક્તિઓને દાખલ કરવામાં આનાકાની કરતા અથવા સારવારમાં વિલંબ કરતા હતા. જેથી ઘણા કિસ્સાઓમાં સમયસર સારવાર ન મળતાં માર્ગ અકસ્માતનો ભોગ બનનાર વ્યક્તિઓનું જીવન જોખમમાં મૂકાઈ જતું હતું. જેનું નિરાકરણ કરવા અને રાજ્યની પ્રજાના હિતમાં રાજ્ય સરકારે માર્ગ અકસ્માતમાં ભોગ બનનાર ઈજાગ્રસ્તને ૪૮ કલાકની સમય મર્યાદામાં વિનામૂલ્યે તાત્કાલિક સારવાર ઉપલબ્ધ થાય તે માટેની યોજના અમલી કરી છે.

ગુજરાત રાજ્યમાં કોઈપણ જગ્યાએ થયેલ માર્ગ અકસ્માતમાં ઈજા પામનાર તમામ વ્યક્તિઓને રાજ્યની તમામ સરકારી હોસ્પિટલો, ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલો તથા ખાનગી હોસ્પિટલો દ્વારા સારવાર આપવી ફરજીયાત છે. આથી, રાજ્યની તમામ હોસ્પિટલોના સંચાલકો/માલિક/ડાયરેક્ટર/ટ્રસ્ટી/ચેરમેન/ડોક્ટરો/પેરામેડિકલ સ્ટાફ વિગેરેને જાહેર સૂચના આપવામાં આવે છે કે, તા. ૧૮-૫-૨૦૧૮થી વાહન અકસ્માતથી ઈજા પામેલ વાહન ચાલકો/પેસેન્જરો/રાહદારી વિગેરે જો સારવાર માટે આપની હોસ્પિટલમાં આવે કે તેમને કોઈપણ વ્યક્તિઓ દ્વારા હોસ્પિટલમાં લાવવામાં આવે ત્યારે તેમને તાત્કાલિક સારવાર ફરજિયાત આપવાની રહેશે. આવા ઈજાગ્રસ્તોને પ્રથમ ૪૮ કલાક દરમ્યાન અપાયેલ તમામ સારવાર, ઓપરેશન વિગેરે માટેના ખર્ચ પૈકી રૂા. પચાસ હજારની મર્યાદામાં વ્યક્તિદીઠનો સારવાર ખર્ચ રાજ્ય સરકાર દ્વારા સીધેસીધો હોસ્પિટલોને ચૂકવવામાં આવશે. આ માટે હોસ્પિટલ તરફથી સંબંધિત જિલ્લાના મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવીલ સર્જન મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલના તબીબી અધિક્ષકને બીલ રજૂ કરવાનું રહેશે.

બિલના વ્યાજબીપણાની ચકાસણી કરી નિયત દરો અનુસાર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા હોસ્પિટલને સીધું ચૂકવણું કરવામાં આવશે.

ઈજાગ્રસ્તને ૪૮ કલાકથી વધુ સમય હોસ્પિટલમાં દાખલ રાખવા પડે અથવા ૪૮ કલાકમાં રૂા. પચાસ હજારથી વધુ ખર્ચ થશે તો ઈજાગ્રસ્તો દ્વારા વધારાનો ખર્ચ હોસ્પિટલને ચૂકવવાનો રહેશે.

ઈજાગ્રસ્તોનું સારવારના અભાવે-નાણાંના અભાવે મૃત્યુ ન થાય તેવા ઉમદા હેતુથી રાજ્ય સરકારે આ યોજના અમલમાં મૂકી છે. બધી જ હોસ્પિટલોને આ યોજનાનો જરૂરિયાત મુજબ ફરજિયાત અમલ કરવાનો છે.

જે હોસ્પિટલ આ સૂચનાઓનો અમલ નહીં કરે તેમના સંચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે જેની સર્વે એ નોંધ લેવી.

હોસ્પિટલોને આવી સારવાર આપવા માટે ક્યા નીતિ-નિયમો લાગુ પડશે અને તેમને સારવારનું બિલ મેળવવા માટે કઈ રીતે કાર્યવાહી કરવાની રહેશે તે માટેનો ઠરાવ, અલગ રીતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કરવામાં આવેલ છે. જે, સર્વે હોસ્પિટલ સંચાલકોએ મેળવી લેવો. આ ઠરાવ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની વેબસાઈટ http://gujhealth.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે. જેનો અભ્યાસ કરી લેવા સર્વેને વિનંતી કરવામાં આવે છે.

ગૌરાંગ શાહ
અધિક સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ગુજરાત સરકાર

બેસણું-સુતક

અમારા ભાઈ **શ્રી મનહરસિંહ વિસાજી રાણા (ભગત)**નું તા. ૧૫/૫/૨૦૧૮ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્ગતનું બેસણું (સુતક) તા. ૧૮/૫/૨૦૧૮ને શુક્રવારના રોજ સવારના ૯.૦૦ કલાકથી** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : મુ.પો. ઘણપ, ઝાલુભાનો વાસ, તા.જી. ગાંધીનગર

પ્રવિણસિંહ વિસાજી રાણા (ભાઈ)	દશરથસિંહ ભેમાજી રાણા (ભાઈ)
કાળુસિંહ વિસાજી રાણા (ભાઈ)	અમરસિંહ ભેમાજી રાણા (ભાઈ)
નરેન્દ્રસિંહ વિસાજી રાણા (ભાઈ)	સેતાનસિંહ ભેમાજી રાણા (ભાઈ)
દિલીપસિંહ મનહરસિંહ રાણા (પુત્ર)	ભુદરસિંહ ભેમાજી રાણા (ભાઈ)
નિલેશસિંહ મનહરસિંહ રાણા (પુત્ર)	સુરેન્દ્રસિંહ બબાજી રાણા (ભાઈ)

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com